અપીલ અરજી નં.૨૮૭ તા.૨–૧–૦૯

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૮–૧૧–૦૮ની અરજીથી તા.૨૫–૩–૦૮ ના રોજ આસી. કમિશ્નર ને વિગતવાર અરજી કરવામાં આવેલ જેના અનુસંધાનમાં કેટલા બીન કાયદેસર લાયસન્સદાર નીકળ્યા તેમજ કેટલા લાયસન્સદાર નીકળ્યા તે તમામની નામ, ઘર નંબર સાથેની માહિતી આપવી, બીન લાયસન્સદારોને ત્યાં કયા કયા પ્રકારના કેમીકલ કેટલા લીટરમાં નીકળ્યા તે કબ્જામાં લેવામાં આવ્યા છે કે કેમ અને જો કબ્જામાં લેવામાં આવ્યા હોય તો તે કયાં રાખવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૮૭/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૮–૧૧–૦૮નીઅરજીથી તા.૨૫–૩–૦૮ ના રોજ આસી. કમિશ્નર ને વિગતવાર અરજી કરવામાં આવેલ જેના અનુસંધાનમાં કેટલા બીન કાયદેસર લાયસન્સદાર નીકળ્યા તેમજ કેટલા લાયસન્સદાર નીકળ્યા તે તમામની નામ, ઘર નંબર સાથેની માહિતી આપવી, બીન લાયસન્સદારોને ત્યાં કયા કયા પ્રકારના કેમીકલ કેટલા લીટરમાં નીકળ્યા તે કબ્જામાં લેવામાં આવ્યા છે કે કેમ અને જો કબ્જામાં લેવામાં આવ્યા હોય તો તે કયાં રાખવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબતે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, અરજદારે બીડેલ તા.૨૫–૩–૦૮ ની અરજીની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા નં.આરટીઆઈ સેલ/૯૫૧ તા.૭–૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)ને તથા અરજદારને મુળ અરજીમાં નિર્દિષ્ટ તા.૨૫–૩–૦૮ ની અરજીની નકલ અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ સે.ઝોન/જાવક નં.૧૨૮૧ તા.૨૧–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. અરજદાર તરફથી નિર્દિષ્ટ તા.૨૫–૩–૦૮ ની અરજીની નકલ તા.૧૯–૧–૦૯ ના રોજ અત્રેના વિભાગને મળેલ છે. જે મુજબ અરજદારે ૭ મિલ્કતની યાદી બેગમપુરા વિસ્તારની વિવિધ શેરી માટે રજૂ કરી તપાસ થયે વિગત આપવા જણાવેલ.

અરજદારે તા.૨૫–૩–૦૮ ના રોજ કરેલ અરજી સંદર્ભે તા.૨૮–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૯૭ તા.૬–૧–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડી દસ્તાવેજ ફીના ચાર પાના માટે રૂા.૮/– ભરી જવા નિયત સમય અવધિ બાદ જણાવવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.૧૨૪૭ તા.૧૭–૧–૦૯ થી અરજદારને માહિતી પત્રકો પૂરા પડાયાની નકલ અત્રે રજુ થયેલ છે. અરજદારે નિયત ફી ભરી માહિતી તા.૧૭–૧–૦૯ ના રોજ મેળવેલ છે તથા અપીલ પછી અને પૂરક વિગતો મંગાવવાના તબકકેથી આજ પર્યત તે અંગે કોઈ વિવાદ ઉપસ્થિત કરેલ નથી. તેમ છતાં પૂરક માહિતીમાં જણાવ્યા મુજબ તે જ તારીખે રસીદ નં.૩૧૨૩૭૧ થી અરજદારે નાણા ભરેલ જણાય છે. આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માંગ્યા મુજબની માહિતી જવલનશીલ પદાર્થોના સંગ્રહ/વપરાશ માટેના કુલ પરવાનો ધરાવનાર સંસ્થાની સંખ્યા નીલ છે તેમજ પરવાનો ન ધરાવનાર સંસ્થાની સંખ્યા ૨૨ છે.બેગમપુરા વિસ્તારની ચોપારા શેરી, ખાંગડ શેરી,કુવરસીંગની શેરી, વડવાઈ શેરી, ઘાંચી શેરી, દારૂખાના રોડ,અને ભઠ્ઠી શેરીની જે માહિતી માંગવામાં આવેલ તે પૂરી પાડવામાં આવેલ જણાય છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અરજદારને પૂરી પડાયેલ હોઈ અને અરજદારે તે મેળવેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ....જાણ તથા અમલ માટે
(૨)શ્રી હેમંત એન. દેસાઈ,